**સ્વતંત્રતા દિવસ : શહિદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું પર્વ - રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત**

**એટહોમ કાર્યક્રમ અંગ્રેજ પરંપરાથી મુક્ત એવો શહિદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને રાષ્ટ્રચિંતનનો કાર્યક્રમ**

**૭૩મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં યોજાયું સ્નેહ સંમેલન**

**તા. ૧૫/૦૮/૨૦૧૯, રાજભવન, ગાંધીનગર**

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે સ્વતંત્રતા દિવસને શહિદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું પર્વ ગણાવી, સ્વાતંત્ર્યવીરોના સપનાંના રાષ્ટ્રનું નિર્માણ કરવા નાગરિકોને આહ્વાન કર્યું હતું.

રાજભવન ગાંધીનગર ખાતે ૭૩મા સ્વાતંત્ર્ય પર્વે યોજાયેલા એટહોમ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, એટહોમ કાર્યક્રમ અંગ્રેજ પરંપરાથી ચાલ્યો આવે છે, આ કાર્યક્રમને "ભારતીય એટહોમ કાર્યક્રમ"માં પરિવર્તિત કરવો જોઇએ. આથી જ આ વખતના એટહોમ કાર્યક્રમમાં રાષ્ટ્રગીતો દ્વારા શહિદોને શ્રદ્ધાંજલિ અર્પવાનો પ્રયાસ કર્યો છે.

તેમણે જણાવ્યું હતું કે એટહોમ કાર્યક્રમ અંગ્રેજ પરંપરાથી મુક્ત એવો શહિદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને રાષ્ટ્રના ભાવિ વિકાસનો ચિંતન પર્વ બની રહેવો જોઈએ. રાજ્યપાલશ્રીએ રામ પ્રસાદ બિસ્મિલ, શહિદ ભગતસિંહ અને લોકમાન્ય ટિળક જેવા ક્રાંતિવીરોને યાદ કરી જણાવ્યું હતું કે શહિદવીરો સમાન રાષ્ટ્ર પ્રેમમાં દિવાના લોકો જ રાષ્ટ્રનું ઘડતર કરી શકે છે, આવા ભારત માતાના મહાન સપૂતોને પ્રેરણા સ્ત્રોત બનાવી તેમના સપનાનાં ભારત વર્ષનું નિર્માણ કરવા તેમણે નાગરિકોને હઆહ્વાન કર્યું હતું.

રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે એમ પણ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ જેવા ગુજરાતના સપૂતોએ અખંડ ભારતનું નિર્માણ કર્યું. રાષ્ટ્રનો એક પ્રદેશ બાકી હતો તે પણ ગુજરાતના પનોતા પુત્ર એવાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાશ્મીરમાં ૩૭૦મી કલમ નાબૂદ કરી કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ બનાવ્યું. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી મોદીનું વર્ષ ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી કરવાનું સપનું ત્યારે જ સાકાર થશે, જ્યારે ખેડૂતો સુભાષ પાલેકરજી માર્ગદર્શિત ઝીરો બજેટ પ્રાકૃતિક કૃષિ અપનાવશે. આ દિશામાં ગુજરાતના ખેડૂતો એક જન આંદોલન દ્વારા સમગ્ર રાષ્ટ્રને રાહ ચીંધશે તેમ જણાવી રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને રાજ્યમાં જન આંદોલન બનાવવાના પ્રેરણા પર્વ તરીકે આ સ્વાતંત્ર્ય પર્વને ઉજવવા સૌને અનુરોધ પણ કર્યો હતો.

૭૩મા સ્વાતંત્ર્ય દિન પર્વે ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં યોજાયેલાં આ સ્નેહ સંમેલનમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવી અને શ્રીમતી અંજલિબહેન રૂપાણી ઉપસ્થિત રહયાં હતાં.

સ્નેહ સંમેલનમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ, મુખ્ય સચિવશ્રી જે. એન. સિંઘ, ભારતીય સેનાના ત્રણે પાંખના વરિષ્ઠ અધિકારીઓ, વરિષ્ઠ સચિવશ્રીઓ, પદ્મશ્રી મહાનુભાવો, પ્રતિભા સંપન્ન રમતવીરો, મેધાવી વિદ્યાર્થીઓ, પદાધિકારીશ્રીઓ, સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ તથા અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી જગત વર્માજીએ દેશભકિતના ગીતો ગઈને વાતાવરણમાં નવું જ જોમ ભરી દીધું હતું.